# ફરિયાદ લેનાર થાણા અમલદાર/તપાસ કરનાર અમલદાર/ફરિયાદ આપનાર નાગરિક/આરોપી ની ફરજો

- ફરિયાદી સાથે થાણા અમલદાર કે પી.એસ.ઓ. ગેર વર્તાવ કરશે નહી અને વિનમ્ર પણે સહાનુભૂતિપુર્વક વર્તાવ કરશે.
- સમયની દ્રૂષ્ટિએ ફરિયાદની ખબર એ પ્રથમ ખબર હોવી જોઇએ. ( ફસ્ટ ઇન્ફર્મેશન રિપોર્ટ)
- ફરિયાદ કોગ્નીઝેબલ ગુન્હા પ્રકારની હોવી જોઇએ
- ફરિયાદ સત્ય, ચોક્કસ અને આધારભુત માહિતી વાળી હોવી જોઇએ.
- ફરિયાદીને કોગ્નીઝેબલ ફરિયાદની નકલ વિના મુલ્યે તૂર્તજ આપવી.
- કોગ્નીઝેબલ ફરિયાદ અન્વયે તૂર્તજ તપાસ આરંભાય તે માટે સબંધકર્તા અધિકારી/અમલદારને તપાસ સોંપવી.
- ગંભીર પ્રકારની ફરિયાદ અંગે પોતાના ઈન્ચાર્જ અમલદારનું તૂર્તજ ધ્યાન દોરવું.
- ફરિયાદની ગંભીરતા મુજબ જે તે અમલદારે તપાસની કાર્યવાહી તૂર્તજ હાથ ધરવી.
- ફરિયાદની તપાસની પ્રગતિ અંગે ફરિયાદીને જાણ કરવી
- તપાસ અમલદારને તપાસમાં મદદરૂપ થાય તેવા પુરાવા-વિગતો ફરિયાદી/શાક્ષીઓએ આપવી.
- પોલીસ અમલદાર પંચમાં રહેવા કોઈપણ નાગરિક ને ફરમાન કરે તેમણે પંચમાં રહેવા સંમતિ આપવી.
- ફરિયાદી/શાક્ષીઓના નિવેદનો તપાસ કરનાર અમલદાર ધ્વારા તટસ્થતાપૂર્વક લેવાં.
- સુર્યાસ્ત થી સુર્યોદય દરમ્યાન સ્ત્રીઓને કે બાળકોને નિવેદન લેવા માટે પોલીસ મથકે બોલાવી શકાશે નહી.બાળકોના નિવેદનો વાલીની હાજરીમાં જ લેવા.
- કોગ્નીઝેબલ સિવાયની ફરિયાદો એન.સી. રજીસ્ટરમાં નોંધાશે. આવી ફરિયાદોની તપાસ કરવાની સત્તા કોર્ટની મંજૂરી સીવાય પોલીસ અધિકારીને હોતી નથી.
- અરજી સ્વરૂપે મળેલ રજૂઆતની સઘન તપાસ કરી તેના નિકાલની જાણ અરજદારને કરવામાં આવશે.
- સામાન્ય સંજોગોમાં કોગ્નીઝેબલ ગુનાની તપાસ ૧૪ દિવસમાં પુરી કરવાની હોય છે પરંતુ વધુ તપાસ ની આવશ્યકતા ના કીસ્સાઓમાં સમય મર્યાદા વધારવા માટે ઉપરી અમલદારની પરવાનગી જરૂરી છે.
- આરોપીએ પોલીસની પૂછ-પરછ દરમિયાન સંપૂર્ણ સહકાર આપવો અને સત્ય હકીકત જણાવવી તે આરોપીની નૈતિક ફરજ છે.
- આરોપીની ધરપકડના બરાબર ૨૪ કલાકની અંદર (જાહેર રજાનો દિવસ હોય તો પણ) નામદાર કોર્ટ સમક્ષ રજૂ કરવાના રહેશે.
- પોલીસ કસ્ટડી કે રીમાન્ડ દરમિયાન આરોપીની ઘનિષ્ઠ તપાસ કરી શકાય છે, પરંતુ શારિરીક/માનસિક પિડા કે ત્રાસ આપી શકાતો નથી.